## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



મીરાબેન દેવીપ્રસાદ માંકડ (૧૯૩૬) ફોન:૨૩૨૧૧૩૬૨



ખોડીદાસ ગોરાભાઈ રાઠોડ (૧૯૫૩) મો.૮૪૬૯૧૧૧૧૩૫

## જીસેટ આપનાર સંખ્યાબંધ વિદ્યાર્થીના પીન ખોવાયા છે

અમદાવાદ, તા.૨૪

એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે જીસેટ કમિટી દ્વારા જીસેટની પરીક્ષા લેવામાં આવી હતી. જે પરીક્ષા પૂર્ણ થયા બાદ ઘણા વિદ્યાર્થીઓના પિન નંબર ખોવાઈ ગયા હોવાનું બહાર આવ્યું છે. જેથી હવે તેઓ તા.૧૧ જુલાઈથી શરૂ થતાં ચોઈસ ફિલીંગ ભાગ ન લઈ શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. આ સ્થિતિ અંગેની જાણ જીસેટ કમિટીને થતાં તેમણે વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ પીન નંબર આપવાની જાહેરાત કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓએ જીસેટ કમિટી પાસેથી ડુપ્લીકેટ ૧૪ આંકડાનો પીન નંબર મેળવી લેવાનો રહેશે અને આ પીન નંબર હશે તો જ વિદ્યાર્થીઓ ચોઈસ ફિલીંગ કરી શકે તેમ હોઈ વિદ્યાર્થીઓ પાસે ફરજીયાત પીન નંબર હોવો જરૂરી છે.

## મેડિકલની ફી નક્કી કરવા ૨૬ જુને કમિટીની બેઠક

અમદાવાદ, તા.૨૪

ચાલુ વર્ષની રાજ્યની મેડિકલ કોલેજોમાં નવું ફી માળખુ અસ્તિત્વમાં આવવાનું છે ત્યારે તા.૨૬ જુનના રોજ ફી કમિટીની બેઠક મળસે અને આ બેઠકમાં મેડિકલ કોલેજો માટેનું નવું ફી માળખુ ઘડવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# વિકલાંગોના કલ્યાણક્ષેત્રનાં એવોર્ડ અર્પણવિધિ

અમદાવાદ, તા.૨૪

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર દ્વારા વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રનાં એવોર્ડ અર્પણવિધિ સમારોહ આજે જયશંકર સુંદરી હોલ, અમદાવાદ ખાતે યોજાયો હતો.

એવોર્ડ અર્પણવિધિ સમારોહમાં વર્ષ ૨૦૦૬થી ૨૦૧૦ સુધી માટે સંસ્થાગત તથા વ્યકિતગત કેટેગરીના વિવિધ રાજ્ય પારિતોષિકો વિકલાંગો માટે કાર્યરત વ્યકિતઓ તથા સંસ્થાઓને એનાયત કરવામાં આવ્યા હતા.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું કે વિકલાંગોને સહાનુભૂતિ કે દયાની જરૂર નથી. તેમને જરૂર છે સાથ અને હૂંફની, અને તો જ, તેઓમાં રહેલી શકિતઓ આપોઆપ બહાર આવી નીખરશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે જેમ શરીરનાં અંગો એકબીજા સાથે જોડાયેલા હોય છે તેમ સમાજનાં વિવિધ વર્ગો પણ એકબીજા સાથે જોડાયેલા છે. જો તેમાંના એકાદ વર્ગને અસર થાય તો તેની અસર સમગ્ર સમાજને થતી હોય છે. આથી જો સમાજ નબળા, અશકત, વિકલાંગ લોકોની કાળજી ન લે તો તેવો સમાજ પૂર્ણ રીતે સુખ અને સમૃધ્ધિ પામી શકતો નથી. આથી સમાજે પોતાની સુખાકારી માટે વિકલાંગોની સેવા અને માવજત કરવી જોઈએ.



મંત્રીશ્રીએ જણાવ્યું કે, કુદરત જ્યારે વ્યકિત પાસેથી કોઈ અંગ લઈ લે છે ત્યારે પરમેશ્વર તેની અન્ય શકિત તેના બદલામાં આપતો હોય છે. કવિ હોમર, મિલ્ટન અંધ હોવા છતાં તથા લાર્ડ બાયને અપંગ હોવા છતાં તેનામાં કવિત્વ ખીલ્યું હતુ તથા બિથોવન તથા રવિન્દ્ર જૈન અંધ હોવા છતાં સારામાં સારું સંગીત આપી શકયાં હતા.



ડિસેબલ્ડ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, સુરતના પ્રમુખ અને પદ્મશ્રી એવોર્ડ વિજેતા એવા કનુભાઈ ટેલરે વિકલાંગો માટે આજે સ્વર્ણિમ દિવસ છે.

## સમાચાર ઝલક

- ફિલ્મ અભિનેતા શ્રી રાજેશ ખન્નાની તબિયત સ્થિર છે.
- અમરેલી નજીક દૂધાળા ગામે દીપડાએ બાળકને ફાડી નાખ્યું.
- વડોદરામાં નેટની પરીક્ષામાં હોબાળો - ૨૦૦૦ ફોર્મ રદ્દ થવાથી અવ્યવસ્થા સર્જાઇ.
- ડાકોરમાં ખાનગી બસ પલટી ખાતાં બેનાં મોત, દસ ને ઇજા.
- શ્રી પ્રણવ મુખરજીએ મમતા દીદી પાસે સમર્થન માગ્યું.
- તિરૂપતિ મંદિરમાં વાળ વેચતા રૂપિયા ૬૨ કરોડની ચાલુ વર્ષે આવક થઇ.
- મોટી બોરવેલમાં ફસાયેલી બાળકીને બહાર કાઢવામાં આવી.
- સોમવારની શરૂ થતી અમરનાથ બાબાની યાત્રા, તંત્રની પુરી સજાગતા.
- એમ.સી.આઇ. કૌભાંડમાં શ્રી કેતન દેસાઇ સામે ચાર્જશીટ દાખલ થઇ.
- બેતુલમાં જન્મેલ જોડ્યા બાળાઓને ઓપરેશનથી અલગ કરી, બંને તંદુરસ્ત છે.
- ભાજપ પ્રમુખ શ્રી નીતિન ગડકરીના પુત્રના લગ્નમાં તમામ ક્ષેત્રોની મોટા અગ્રણીઓની નોંધપાત્ર હાજરી.
- ખોડલધામમાં સાત પગલાં દેખાતાં હજારો શ્રધ્ધાળુઓ દર્શને ઉમટ્યા.

# આજથી આદિવાસી વિસ્તારોમાં ભાજપ દ્વારા ૧૮ સંમેલનો થશે

### ભાજપ અનુજાતિ મોરચા દ્વારા કાર્યકરો માટે વક્તા પ્રશિક્ષણ શિબિર યોજાઇ: કોંગ્રેસના જુઠ્ઠાણાને ખૂલ્લા પાડવામાં આવશે

અમદાવાદ, તા.૨૪

ભાજપા અનુસૂચિત જનજાતિ મોરચાના ઉપક્રમે ૧૮ જૂનથી આદિવાસી વિસ્તારમાં પ્રારંભ થયેલ ઘર ઘર ચલો અભિયાનના ભાગરૂપે ૧૮ આદિવાસી વિસ્તારની વિધાનસભા બેઠકો પર ૨૫ જૂનના રોજ સંમેલનો યોજાશે. આ સંમેલનમાં કોંગ્રેસની રાજ્યના વિકાસ વિરોધી નીતિ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સામે પડકારો ઉભા કરતા પગલાંને ભાજપના નેતાઓ ખુલ્લા પાડશે. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરસોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ, મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા સ્મૃતિ ઈરાની સહિત આગેવાનો જુદી જુદી વિધાનસભા બેઠકો પર જઈ જન-જનને જાગૃત કરશે. ભાજપના મીડિયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક યાદીમાં જણાવ્યું છે કે ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના ઉપક્રમે આજરોજ ગાંધીનગરમાં વક્તા પ્રશિક્ષણ શિબિર યોજાયો હતો. ભાજપાના અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ દુષ્યંત ગૌતમે આ શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. ગુજરાતની કોંગ્રેસના દલિત વિરોધી વલણ સહિત રાજ્ય સરકારની સૌનો સાથ, સૌના વિકાસની નીતિને જન-જનમાં લઈ જવા માર્ગદર્શન આપ્યુ હતું. સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જીવરાજભાઈ ચૌહાણ, મણિલાલ પરમાર વગેરેએ માર્ગદર્શન કર્યુ હતું. વડોદરા ખાતે ભાજપાના પ્રદેશ પ્રભારી અને સાંસદ બલવીર પુંજે કાશ્મીર બચાવો, લોકતંત્ર બચાવો સંમેલનને સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે સાંસદ બાબુભાઈ શુક્લા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડમાં બે ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાં આજે વરસાદે વિરામ રાખ્યો હતો પરંતુ વલસાડ અને આસપાસના ઘણાં વિસ્તારોમાં આજે વરસાદી ઝાપટા પડ્યા હતા. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ભાવનગરમાં ૩૯.૮ ડીગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે.

જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૮.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૯ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૧ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં આજે વલસાડ ૫૦.૦ મીમી, વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૭.૭, સુરતમાં ૩૩.૦, રાજકોટ ૩૮.૩, ડીસામાં ૩૮.૯, ગાંધીનગર ૩૮.૪, સુરેન્દ્રનગર ૩૯.૭, ઈડરમાં ૩૮.૨, અમરેલી અને વલ્લભ વિદ્યાનગર ૩૭.૨, મહુવા ૩૫.૪, ભુજ ૩૫.૬ ડિગ્રી નોંધાયું હતું.

## ગરીબ પરિવારોના બાળકોને સ્કૂલબેગનું વિતરણ કરાયું

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાં દિવ્યદષ્ટિ ફાઉન્ડેશન દ્વારા ગઈ તા.૨૨મીને શુક્રવારના રોજ સુખરામનગર વિસ્તારમાં ગરીબ પરિવારોના બાળકોને ૪૦૦ જેટલી સ્કુલબેગનું વિતરણ કરાયું છે. આ પ્રસંગે ટ્રસ્ટના અગ્રણીઓ હાજર રહ્યા હતા તેમ ટ્રટી જયંતીભાઈ હરિભાઈ ચૌહાણે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# મોદીની અઘોષિત કટોકટી તે સમયને યાદ અપાવે છે : મજપા

અમદાવાદ, તા.૨૪

આવતીકાલની તા.૨૫ જુન દેશભરમાં લોકશાહીને ગળે ટૂંપો દઈને જે તે સમયની શ્રીમતિ ઈન્દીરા ગાંધીની સરકારે રાત્રીના ૧૨.૦૦ કલાકે લાદેલ કટોકટીના સમયને ૩૭મી વર્ષગાંઠ છે. આજે પણ દેશ અને ગુજરાતમાં મિસા હેઠળ એક-

કટોકટી કલ આજ ઔર કલ આજે ગુજરાતમાં પ્રસ્તુત છે કારણ કે સરકારી કર્મચારી કે અધિકારી ભાજપના કર્યકર્તાઓ અને મંત્રીમંડળ જો આ કટોકટીની

### ગુજરાતમાં આજે કટોકટી જેવો માહોલ તમામ વર્ગના લોકો નરેન્દ્ર મોદી શાસનથી ભયભીત : ગોરધન ઝડફિયા

એક વરસ જેલમાં ગયેલા હજારો લોકો જીવિત છે. ઝડફીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં જેલમાં જનારાઓમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, કાશીરામભાઈ રાણા, નલિનભાઈ ભટ્ટ, ડૉ. જેસ્વાણીજી, ફકીરભાઈ ચૌહાણ જેવા અનેક નેતાઓ આજે ગુજરાતમાંએ દિવસોને યાદ કરીને આજના ગુજરાતમાં જે અઘોષિત કટોકટીનો અનભવ કરી રહ્યાં છે. આવી જ રીતે રા.સ્વ.સંઘના હજારો સ્વયંસેવકો સંસ્થા કોંગ્રેસના નેતાઓ સ્વ. મોરાજીભાઈ દેસાઈ સહિતના અને લોકશાહીના પ્રહરી એવા છાપાના અનેક તંત્રીઓ તથા સ્વેચ્છિક સંસ્થાના લોકો ગુજરાતમાં આ અનુભવ કરી ચૂક્યા છે. અનુભવ કરી શકતા હોય તો વિરોધ પક્ષ કે પ્રજાને તો તેના અનેક પરચા મળી જ ગયા છે. જે વ્યક્તિએ કટોકટીમાં ભૂગર્ભમાં રહીને લોકશાહી માટે સંઘર્ષમાં ગુજરાત પુસ્તક લખે એ જ વ્યક્તિ પોતાના જ પક્ષમાંથી સંજય જોષીને હાંકી કઢાવે કેન્દ્રના નેતાઓને ઘુંટણીયે પાડે. તેમની સભાઓમાં તેમની હાજરીમાં બીજા કોઈથી ભાષણ ન થાય. પ્રજા તો બિમાર સચિવાલયમાં ઘુસી જ નથી શકતી તેવી સ્થિતી ગુજરાતમાં આજે ૨૫ જુન ૧૯૭૫ની યાદ અપાવે છે. મહાગુજરાત જનતા પાર્ટીના પ્રમુખ ઝડફીયાએ જણાવ્યું હતું કે ધન સંગ્રહમાં અનિચ્છાએ પૈસા આપનાર વેપારીને આ કટોકટીનો અનુભવ થયો હશે.

# હવેથી ચોથા સેમેસ્ટર સુધી વિદ્યાર્થીને નાપાસ નહિ કરાય

### ગુજરાત યુનિ.નો ઐતિહાસિક નિર્ણય : પરિમલ ત્રિવેદી

અમદાવાદ, તા.૨૪

આગામી શૈક્ષણિક સત્રથી ચોથા સેમેસ્ટર સુધી કોઈ પણ વિદ્યાર્થીને નાપાસ કરવામાં નહિ આવે એવો ઐતિહાસિક નિર્ણય આજે ગુજરાત યુનિવર્સિટીએ લીધો છે. જોકે વિદ્યાર્થીઓએ ફાયનલ સેમેસ્ટર સુધીમાં પોતાનો તમામ બેકલોક પૂરો કરવાનો રહેશે અને ત્યારબાદ જ વિદ્યાર્થી પાસ થયાની ડિગ્રી હાંસલ કરવા પાત્ર બનશે. યુનિવર્સિટી ગત વર્ષની ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમનો અમલ થયો હતો. ત્યારથી જ વિદ્યાર્થીઓના માથે ભણતરનું ભારણ વધતું ગયું હતું. ઉપરાંત સીબીસીએસ લાગુ કરાતા વિદ્યાર્થીઓનાવાલીઓ પર પણ આર્થિક ભારણ વધ્યું હતું. તેને જોતા કુલપતિએ આગામી શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને કેન્દ્ર સ્થાને રાખી આ નિર્ણય લીધો હતો. અન્ડર ગ્રેજ્યુએશનમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, બીબીએ, બીસીએ અન બીએસસીની ફેકલ્ટિમાં પ્રથમ ચાર સેમેસ્ટર સુધી વિદ્યાર્થીને નાપસ કરવામાં નહીં આવે. તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એમએ, એમકોમ અને એમએસસી પાર્ટ વન અને ટૂના વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ સેમેસ્ટર સુધી નાપાસ કરવામાં આવશે નહીં. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના લગભગ ૨.૫ લાખ વિદ્યાર્થીઓ માટે આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે, વિદ્યાર્થીઓ લેખીત ઉપરાંત પ્રેક્ટિકલ પરીક્ષામાં એક કરતા વધુ વિષયોમાં નાપાસ હશે તો પણ તેમને આગલા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવશે. આમ થવાથી કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરિણામની પણ રાહ જોવી નહીં પડે. કુલપતિ પરિમલ ત્રિવેદીએ જણાવ્યું કે, અન્ડર ગ્રેજ્યુએશનલમાં છઠ્ઠા સેમેસ્ટરમાં પ્રવેશ પામતા પહેલા અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ પામતાપહેલા વિદ્યાર્થીઓએ પોતાનો બેકલોક પૂરો કરવાનો રહેશે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓને સીબીસીએસના ભારણથી આગળની પરીક્ષા આપવા માટે સમય મળશે અને પોતાનું વર્ષ બચાવી શકશે. અત્રે આવા કોઈ પણ વિદ્યાર્થીઓ અનય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે ત્યારે તેમની સમયાંતરે લેવાતી પરીક્ષામાં બાકીના વિષયોમાં પાસ થવાનું રહેશે.


## સાયન્સ ઓલિમ્પિયાડ દ્વારા વિદ્યાર્થી, શિક્ષકોનું સન્માન

અમદાવાદ, તા.૨૪

સાયન્સ ઓલિમ્પયાડ દ્વારા આજે ગુજરાતના વિજેતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોને પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. ટાઉન હોલ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયધીશ એચએમ સોની, ઈસરોના ડાયરેક્ટર કિરણ કુમાર અને નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર ડૉ. કેતન કોટેચા હાજર રહ્યાં હતા. આ સમારંભમાં ગુજરાતના કુલ ૧૮૩ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોને વિજેતા તરીકે જાહેરકરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સાયબર ઓલિમ્પયાડમાં કેલોરેક્સ સ્કૂલના ધોરણ-૨ના સ્વસ્તીક મજુમદાર અને બરોડાના નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલના ધ્યેય ગાંધીનો સમાવેશ થયો છે. જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સાયન્સ ઓલિમ્પયાડ ક્રમ બેમાં અમદાવાદના ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-૨માં અભ્યાસ કરતો જય શાહનો સમાવેશ થયો હતો.

આ પ્રસંગે અમદાવાદના જય શાહે જણાવ્યું કે, આ મારી પહેલી સ્પર્ધાત્મક પરિક્ષા છે જેમાં મને સફળતા મળી છે. હું હવે વધારે મહેનત કરીને આ ઓલિમ્પયાડમાં આગળ જઈશ. જ્યારે જયના મમ્મી સીએ છે તેમણે જણાવ્યું કે, અમારે જય પાછળ કોઈ વધારે મહેનત નથી કરવી પડી તે પોતાની રીતે તૈયારીઓ કરતો હતો. સાયન્સ ઓલિમ્પયાડમાં સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવતા હતા પરંતુ હવે રાજ્ય કક્ષાના વિદ્યાર્થીઓને પણ સન્માનીત કરવામાં આવસે. સાયન્સ ઓલિમ્પયાડદ્વારા નવા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ગર્લ્સ ચાઈલ્ડ સ્કોલરશીપ સ્કીમ આધારે નબળા વર્ગની ૧૫૦ પ્રતિભાશાળી બાળકીઓ માટે ૧૦ હજાર રૂપિયાની વાર્ષિક સ્કોલરશીપ જ્યારે અંગ્રેજી ભાષામાં સારુ પ્રદર્શન કરનાર ૧૦૦ વિદ્યાર્થીઓને ૫ હજારની સ્કોલરશીપ પ્રદાન કરવામાંઆવશે.

## શબ્દાવલી - ૪૭૬૮



**આડી ચાવી**

૧. ગતિ, સ્પીડ (૪)
૫. પ્રહાર, ફટકો (૩)
૭. ગિરનાર પર્વત અહીં આવેલ છે (૪)
૮. અવાજ, શૉર (૨)
૯. ખોપરીનો હાર રાખનાર મહાદેવ (૪)
૧૧. પરવા, ફિકર (૨)
૧૩. તાવને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૪. દોસ્તીની બડાશ મારનાર ઘણા આપણા જ... હોય, દુશ્મન (૪)
૧૫. પિતા (૨)
૧૬. ગાય મારે શિંગડા અને ગધેડા મારે... (૨)
૧૭. સંગીતના આવાજ (૩)
૧૮. કરવેરો, હિન્દી ફિલ્મ (૩)
૨૦. ઝેર (૩)
૨૧. એક કેફી દ્રવ્ય (૩)
૨૨. ખલાસી, નૌકાચાલક (૩)

**ઊભી ચાવી**

૧. રજૂ કરવું તે (૪)
૨. કુરબાન, શહીદ (૨)
૩. એકાદો તાર દોરાનો (૩)
૪. જક્ક, રટણ (૨)
૫. સોંસરવું (૨)
૬. ઘાલમેલ, ગુલ્લી (૩)
૯. પ્રપંચ (૩)
૧૦. કુપાત્ર (૪)
૧૨. જાણમાં હોવું, ... હોવું (૫)
૧૩. માછલીને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૫. કાપડના... હોય (૨)
૧૬. લાલસા (૩)
૧૭. મહેચ્છા, પ્રબળ ઈચ્છા (૩)
૧૯. નાડી, રગ (૨)

### શબ્દાવલી ૪૭૬૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) દાનવ (૩) કળતર (૬) ટકોર (૮) ડફ (૯)
[redacted]જરત (૧૩) ડખો (૧૫) સીમા (૧૭)
[redacted] (૨૨) રોચક (૨૩) નવુસવુ
[redacted] (૨) વટ (૩) કરવત (૪) તડતડ (૫)
[redacted]મા (૧૪) ખોડ (૧૫) સીસકારો (૧૬)
[redacted]ચ

### જળુંબતો ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દયનીય સ્થિતિ પ્રવર્તી છે.

સે. ૨૩માં 'છ' ટાઈપ વિસ્તારમાં બ્લોક નં. ૧૨/૫માં રહેતા અનિતાબેન મહેશભાઈ બારોટ શહેરના સરકારી આયુર્વેદિક દવાખાનામાં નર્સ તરીકે ફરજ બજાવે છે. આજે બપોરે ૧ વાગ્યાના અરસામાં તેમના મકાનના મુખ્યરૂમની સીલીંગમાંથી મોટુમસ પોપડું અચાનક ધડાકાભેર નીચે પડતા ઘરમાં આંટાફેરા કરતી ૧૫ વર્ષીય પ્રિયંકાના માથે ઈજા થવા પામી હતી. મુખ્યરૂમમાં બપોરના સમયે સૂતેલી કિશોરીને સદનસીબે ગંભીર ઈજા થવા પામી ન હતી. સરકારી આવાસની આ ભયજનક સ્થિતિ અંગે અનેકવાર સેક્ટરની સ્થાનિક ઈન્કવાયરીમાં ફરીયાદ કરવા છતાં તંત્ર કક્ષાએથી કોઈ પગલા લેવાયા ન હતા. જાણવા મળ્યા મુજબ સે. ૨૩ના આ બ્લોકમાં મોટાભાગના આવાસોમાં આવી ભયજનક સ્થિતિ છે જ્યારે પોપડાગ્રસ્ત મકાનના અન્ય રૂમમાં પણ ગમે ત્યારે અન્ય ઠેકાણે ગાબડા પડે તેવી વકી હોવાનું પણ રહીશો જણાવી રહ્યા છે. એકબાજુ સ્થાનિક ઈન્કવાયરી કચેરી આઉટસોર્સિંગને સોંપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે ત્યારે હાલની સ્થિતિએ વસાહતીઓ રામભરોસે હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરમાં સરકારી આવાસોના મજબુતીકરણ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જ્યારે થોડા સમય અગાઉ સે. ૬માં સરકારી બ્લોક જમીનદોસ્ત થયા બાદ શહેરમાં ભયજનક મકાનોની સ્થિતિ ચકાસવા તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વેના અંતે સબ સલામતનો પોકળ દાવો કરવામાં આવી રહ્યો છે.

### યુનિવર્સિટી ટલ્લે ચઢી

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિવર્સિટી આપવાનું જણાવવામાં આવ્યું હતું પરંતુ રાજ્ય સરકારને તે મંજૂર નથી.

જો કે ભારત સરકારે યુનિવર્સિટી સ્થાપવા માટેના માપદંડોની કોઈ વિગતો હજી સુધી રાજ્ય સરકારને મોકલી નથી. ડિસેમ્બર-૨૦૦૯માં લોકસભામાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે સમગ્ર રાષ્ટ્રમાં વિશ્વસ્તરના ધોરણો ધરાવતી ૧૪ યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવશે. આવી યુનિવર્સિટીઓ માટેની કન્સેપ્ટ નોટ તૈયાર કરી રાજ્યો પાસેથી પ્રતિભાવો મંગાવવામાં આવ્યા હતા, જેથી ગુજરાતે સાબરકાંઠા જિલ્લાનું સ્થળ સૂચવ્યું હતું પરંતું કેન્દ્રએ ગાંધીનગરની વિચારણા કરવા કહ્યું હતું. કેન્દ્રએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કેન્દ્રના કહ્યા પ્રમાણેના સંભવિત સ્થળોની વિગતો આપવી જોઈએ. જ્યારે કેન્દ્રને આવી વિગતો મળશે ત્યારે તેના માટે ઈન્સ્પેક્શન કરશે.

આ પછી કેન્દ્ર સરકારે વર્લ્ડક્લાસ યુનિવર્સિટીનું નામકરણ ઈનોવેશન કર્યું છે ત્યારે તે બાબતે કોઈ સ્પષ્ટતા પણ કરી નથી. ગુજરાત સરકારને સાબરકાંઠાને બદલે ગાંધીનગરમાં આ યુનિવર્સિટી બનાવો તેવો કોઈ પત્ર મળ્યો નથી. સરકારના શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે સ્થળ પસંદગી બાબતે કેન્દ્ર દ્વારા ૩૦મી માર્ચ-૨૦૧૨ સુધી આ અંગે કોઈ પત્ર વ્યવહાર થયો નથી.

### જિલ્લા ભાજપમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોદ્દામાંથી તેમને ખસેડી મજબૂત વ્યક્તિને જવાબદારી સોંપવામાં આવે તેમ મનાય છે. જિલ્લા ઉપરાંત શહેરના સંગઠનમાં પણ ફેરફારો થશે.

ચૂંટણી પૂર્વેના સર્વેમાં ભાજપ માટે નબળી બેઠકો છે તેવા જિલ્લાની સંખ્યા ૧૫ થવા જાય છે જેમાં ગાંધીનગરનો સમાવેશ થાય છે. આ જિલ્લામાં હાલ ભાજપ પાસે ગાંધીનગર અને દહેગામના ધારાસભ્ય સિવાય કોઈ મહત્વના વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર ચૂંટાયા નથી.

જિલ્લામાં ગાંધીનગર ઉત્તર, ગાંધીનગર દક્ષિણ, દહેગામ, કલોલ અને માણસા બેઠકોની ચૂંટણી થવાની છે. આ પાંચ બેઠકો માટે ઉમેદવાર શોધવામાં પણ ભારે તકલીફ ઉઠાવવી પડે તેમ છે, કારણ કે જિલ્લામાં કોંગ્રેસનું સંગઠન મજબૂત બન્યું છે.

વિધાનસભાની ચૂંટણી પછી રાજ્યની ૧૩ તાલુકા પંચાયતો અને બે જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણી થવાની છે તેમાં ગાંધીનગર તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે. પેથાપુર પાલિકામાં ભાજપ પાસે કોંગ્રેસ કરતાં એક બેઠક વધારે હોવા છતાં આ પાલિકામાં સત્તા પરિવર્તન થઈ શક્યું નથી.

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપનું આખું સંગઠન અને સરકાર કામે લાગ્યા હોવા છતાં પ્રથમ સત્તા ભાજપને હાંસલ થઈ નથી. આ સંજોગોમાં જિલ્લાના સંગઠનની ફેરબદલ નિશ્ચિત બની છે.

ભાજપ ગાંધીનગર ઉપરાંત અન્ય ૧૪ જિલ્લાના સંગઠનોમાં ફેરફારો કરવા માગે છે કારણ કે આ જિલ્લાની બેઠકો સી કેટેગરીમાં આવે છે એટલે કે જીતવા માટે ભારે મહેનત કરવી પડે તેમ છે.